realpatidar.com



Update: 24-Apr-2020 -This information contained in this post/page is superseded. The updated information can be read here http://www.realpatidar.com/a/series82.

સતપંથના પ્રચારકોને સતપંથના અનુયાયીઓ માટે એવી માર્ગદર્શિકા પુસ્તક બહાર પાડેલ છે કે જેનાથી સતપંથ ધર્મ પાળનારા લોકો મૃત્ય પછી મડદાને ઇસ્લમાંમાં પ્રચલિત એવી ભુમીદાગ પ્રથા સહેલાઇથી અપનાવી શકે.

realpatidar.com

realpatidar.com

પ્રકાશક : શ્રી સતપંથ પ્રકાશન સમિતિ
શ્રી સતપંથ પ્રેરણાપીઠ-પીરાણા.
તા. દસક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૫.
✆ : ૦૨૭૧૮-૨૮૮૨૨૭,
૨૮૮૨૨૯, ૨૮૮૮૧૨

પુસ્તિકાનું નામ : ભુમિદાગ માર્ગદર્શિકા

પ્રથમ આવૃત્તિ : સંવત - ૨૦૫૫ના ચૈત્ર સુદ-૨ને
શુક્રવાર તા. ૧૯-૩-૯૯.

પ્રત : ૧૦૦૦/-

બીજી આવૃત્તિ : સંવત - ૨૦૬૪ના પોષ સુદ-૭ને
મંગળવાર તા. ૧૫-૧-૨૦૦૮

પ્રત : ૧૦૦૦/-

મુદ્રક : સ્મૃતિ ઓફસેટ
જી/૧૨, ન્યુ માધુપુરા માર્કેટ,
પોલીસ કમિશ્નર ઓફીસ સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪
✆ : (૦૭૯) ૨૫૬૨૪૩૯૦

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન.

૧

realpatidar.com

realpatidar.com

પ્રકાશકના બે બોલ !!....

ઘણા લાંબા સમયથી આપણા સતપંથ સમાજમાં આવી ભુમિદાગ પુસ્તિકાની માંગણી હતી, ભુમિદાગ વિધિ અંગે અનુયાયીઓમાં થોડો ઉચાટ પણ જણાતો હતો, ઉગતી નવ યુવાન પેઢી તરફથી આ પુસ્તિકા અંગે તિવ્ર માંગણી થતી હતી !! જેના અનુસંધાને ધર્મના જાણકાર વિધ્વાનો દ્વારા માહિતી એકત્રિત કરી આ નાનકડી પુસ્તિકા આપ સૌ સમક્ષ મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

મને અંત:કરણ પૂર્વક આશા છે કે આ નાની પણ ખુબ જ ઉપયોગી પુસ્તિકા આપ સૌને જરૂરી માર્ગદર્શક રૂપ બની રહેશે.

એજ લિ.
પ.પૂ. દેવર્ષિ-રાષ્ટ્રિય સંત વિરવર જગદગુરૂ સતપંથાચાર્ય
શ્રી કરશનદાસજી મહારાજ, વતીથી
શ્રી સતપંથ પ્રકાશન સમિતિના જયશ્રી નિષ્કલંકી નારાયણ

૧

realpatidar.com

realpatidar.com

ભુમિદાગ માર્ગદર્શિકા

સતપંથ સંપ્રદાયમાં મૃત્યુ બાદ મનુષ્ય શરીરને ભુમિદાગ આપવામાં આવે છે તે ભુમિદાગ સંપૂર્ણ વેદ આધારીત છે. અને અથર્વવેદમાં દર્શાવેલ વૈદિક રીત રસમો પ્રમાણે ચાલે છે. ભુમિદાગ એટલે કે મૃત શરીરને જમીનમાં ૪ ફુટ બાય ૩ ફુટની પહોળાઈ, લંબાઈ અને ૫ ફુટ ઊંડાઈ ધરાવતું સમાધિ સ્થળ બનાવવામાં આવે છે. અને સમાધિષ્ટ પ્રમાણે બેસાડીને પવન પાવડી તેમજ જપમાળા તેમજ વેદમાં બતાવેલ સુગંધિત દ્રવ્યો અર્પણ કરવામાં આવે છે.

૨

* તદ્દન જુઠું *

હિંદુ અથર્વ વેદ માં મરણ પછીની ક્રિયા કરવા માટે કંઈ લખ્યું નથી.

યજુર્વેદના ૧૮માં અધ્યાયમાં મરણોપરાંત કરવામાં આવતી વિધિનો ઉલ્લેખ છે.

જેમાં અગ્નિ સંસ્કાર જ કરવો એમ કહ્યું છે.

શબને કદી પણ ભૂમિદાગ ન કરવો એવું પણ લખ્યું છે.

realpatidar.com

realpatidar.com

ત્યારબાદ સમાધિના તળની ઉંડાઈથી ત્રણ ફુટ ઉપર શિલા ઢાંકવામાં આવે છે. તેના પછી શેષ બચેલા ખાડાને માટીથી પૂરી દેવામાં આવે છે. ત્યાર બાદ જમીન ઉપર તેમનું સ્મૃતિ ચિન્હ બનાવવામાં આવે છે. તે તમામ વિધિ મંત્રોચ્ચાર દ્વારા કરવામાં આવે છે. જેનો સારાંશ નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

(અથર્વવેદ કા સુબોધ ભાષ્ય "એકાદશ કાન્ડમ્" લેખક પ.પૂ. શ્રીપાદ્ દામોદર સાતવલેકર (B.A.) સાહિત્ય વાચસ્પતિ, વેદાચાર્ય, ગીતાલંકાર, અધ્યક્ષશ્રી સ્વાધ્યાય મંડળ "આનંદાશ્રમ," પારડી, જી. સુરત)

3

realpatidar.com

realpatidar.com

ઉપરોક્ત અથર્વવેદ ગ્રંથ-ભાગ-૪, પાના નં. ૧૦૨, ૧૦૩, ૧૧૨ ઉપર મનુષ્યના મૃત શરીરને જમીનમાં સમાધિ આપવી તે વૈદિક દાગ છે. જેને અથર્વવેદમાં ‘‘ભુમિદાગ’’ (સમાધિ) કહેવામાં આવે છે.

આ ભુમિદાગ માત્ર સતપંથીઓને અપાય છે તેવું નથી. સતપંથીઓ સિવાય ઋષિઓ, મુનિઓ, ગુરૂઓ, જગદ્‌ગુરૂઓ, સદ્‌ગુરૂઓ, સંન્યાસીઓ, સાધુગણો, ત્યાગીઓ, બ્રહ્મવેત્તાઓ અને તત્ત્વવેત્તાઓ વગેરેને બહોળી સંખ્યામાં ભુમિદાગ અપાય છે. તદ્‌ઉપરાંત બ્રહ્મવેતા-ઓના ઉપાસકોને બહોળી સંખ્યામાં ભુમિદાગ અપાય છે. આ રીતે સતપંથીઓને ભુમિદાગ અપાય છે.

૪

હિંદુઓના સાચા અથર્વવેદનું સાચું અર્થઘટન નથી, એવું દેખાઈ આવે છે.

સન્યાસીઓ, ઋષિઓ, સાધુઓ વગેરેને સમાધિ આપવામાં આવે છે, તેનું કારણ એ છે કે...

સન્યાસ લેતી વખતે સન્યાસીનું "આત્મ શ્રાધ" કરવામાં આવે છે અને તેના શરીરનું "પુતળું" બનાવીને બાળવામાં આવે છે.
આ વિધિના કારણે સંસ્યાસી "પુનઃ જન્મના ચક્કર"થી છૂટી ગયા હોવાનું મનાય છે. અન સંસારના સબંધો તોડીને કાયમ માટે ઘર છોડી દે છે.

આ વિધિ કર્યા પછી સન્યાસીઓ હમેશ માટે સંસારની મોહ માયાથી છૂટી જાય છે. તેમનું "શ્રાધ" થયેલ હોવાથી તેઓની મુક્તિ થઇ ગઈ છે તેવું મનાય છે. માટે તેઓ પરમાત્મા સાથે વિલીન થઇ ગયા છે તેવું સમજવામાં આવે છે.

માટે જ સન્યાસીઓ/સાધુઓ વગેરેને કોઈ દિવસ એમની જાતી પૂછવામાં નથી આવતી. કારણ કે તેઓ પરમાત્માના અંશ થઇ ગયા છે.

માટે, આવા પરમાત્મા સાથે વિલીન થયેલ સાધુ/ સન્યાસી/ઋષિઓ વગેરેને "સમાધિ" આપવામાં આવે છે, "ભૂમિ દાગ" આપવામાં આવતો નથી.

સતપંથીઓ સન્યાસ લેતા નથી. અને તેઓ ઘરેજ હોય છે. સન્યાસીના જેમ કાયમ માટે ઘર છોડતા નથી.
માટે સતપંથીઓને સન્યાસી સાથે જોડવા એ સામાન્ય અને અજાણ સતપંથી લોકો સાથે દગો કહેવાય.

realpatidar.com

ઐતિહાસિક પુરાવાઓ અને દસ્તાવેજોને જોશું તો ખ્યાલ આવશે કે સતપંથ ધર્મ માટે મુસલમાનોનું કુરાન એજ અથર્વ વેદ છે.

પણ હિંદુ સમાજમાં રહેવાના કારણે હિંદુઓ તેમને ધિક્કારે નહિ તે માટે તેઓ "તાકિયા" નો ઉપયોગ કરે છે.

તાકિયાના કારણે ઇસ્લામ કુરાનને તેઓ અથર્વ વેદ કહેવાની છૂટ આપે છે.

ઐતિહાસિક દસ્તાવેજો કહે છે કે ઈમામ શાહને ઈરાનથી ભારતમાં ઇસ્લામ ધર્મનો ફેલાવો કરવા માટે મોકલેલ છે. તો સ્વાભાવિક છે કે ઈમામ શાહ કુરાનના સિદ્ધાંતોને જ આગળ વધારે. માટે ભૂમિદાગ કરવાનું કહેલ છે.

કારણ કે, સતપંથીઓ બ્રહ્મવેતા ઉપાસકોની ગણનામાં એવી રીતે આવે છે કે "સતપંથ ધર્મ" અથર્વવેદના આધારે અને અથર્વવેદના સિધ્ધાંત ઉપર રચાયેલો છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. આ ચતુર વેદોમાં અથર્વવેદને બ્રહ્મવેદ તરીકે પ્રમાણિત કરેલ છે. જેના કારણે અથર્વવેદોના સિધ્ધાંતો ઉપર સતપંથ ધર્મ ચાલતો આવ્યો છે. આવા પરમ પવિત્ર સતપંથ ધર્મના ઉપાસકોએ બ્રહ્મવેત્તા ઉપાસકનું બિરૂદ આપો આપ પ્રાપ્ત કરેલું હોવાથી આવા બ્રહ્મવેત્તા સતપંથીઓને સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે ભુમિદાગના સિધ્ધાંત અનુરૂપ સતપંથીઓને ભુમિદાગનો આદેશ આપેલો છે. તે પૂરેપૂરો

૫

અહીં જણાવેલ છે કે અથર્વવેદને બ્રહ્મવેદ તરીકે પ્રમાણિત કરેલ છે..

ઇસ્લામના સ્થાપક નબી મુહમ્મદ પૈગંબરને સતપંથમા "બ્રહ્મા" તરીકે બતાવામાં આવેલ છે, જેઓને "ગુરૂ" પણ કહેવામાં છે.

મુસલમાનોનું "કુરાન" ને "નબી મુહમ્મદ પૈગંબર" દ્વારા રચિત છે તેવું કહેવામાં આવે છે. માટે બીજા શબ્દોમાં કહીએ તો "બ્રહ્મા" દ્વારા રચવામાં આવેલ છે એમ સતપંથીઓ કહી શકે.

એટલે ચાલાકી વાપરીને "તાકિયા" ની મદદથી "કુરાન"નું અનુકરણ કરવાનું કહેલ છે.

એટલે કે બહારથી હિંદુ દેખાવ રાખે અને અંદરથી (છુપી રીતે) મૂળ ઇસ્લામ જ હોય.

ઉપર જણાવેલ છે કે સતપંથીઓ "બ્રહ્મવેતા ઉપાસકો" છે. એટલે કે.... ઉપર (જમણી બાજુ) જણાવ્યા પ્રમાણે, ઇસ્લામ ધર્મના સ્થાપક "નબી મુહમ્મદ પૈગંબર" ના ઉપાસકો છે.

realpatidar.com

realpatidar.com

વેદો આધારીત છે અને વેદોના સિધ્ધાંત અનુરૂપ સતપંથીઓમાં ભુમિદાગ પરંપરાથી ચાલતો આવે છે. અને આજે પણ બહુ જ પ્રચલિત છે.

ટૂંકમાં યુગ પ્રમાણેના ‘દાગ’ શાસ્ત્રોમાં સૂચવેલ છે. પહેલા કર્તાયુગમાં વાયુદાગ હતો, બીજા ત્રેતાયુગમાં જળદાગ હતો, ત્રીજા દ્વાપર યુગમાં અગ્નિદાગ હતો અને આજે ચોથા કળિયુગમાં ‘ભૂમિદાગ’નો સ્પષ્ટ ઉલ્લેખ છે. જે નીચેના સંસ્કૃત શ્લોકના હિન્દી ભાષાન્તર પરથી પૂરવાર થાય છે.

नीचे लिखे तीन मंत्रो में प्रेत (मृतदेह) को भूमि में गाडनेका उल्लेख है । मंत्र इस प्रकार है ।

૬

યુગ પ્રમાણે "શાસ્ત્રો", "દેવો", "પૂજા પદ્ધતિ", "દાગ" બદલાય... આવો સિદ્ધાંત હિંદુ શાસ્ત્રોમાં ક્યાય નથી.

આ સિદ્ધાંતને મુસલમાનના શાસ્ત્રોમાં જોવા મળે છે. શિયા મુસલમાનોનો "નિઝારી ઈસ્માઈલી પંથ" ના શાસ્ત્રોમાં આ સિદ્ધાંત જોવા મળે છે.

ભારતમાં ખોજા મુસલામની કોમ આ નિઝારી ઈસ્માઈલી પંથનો એક ફાંટો છે, જેના શાસ્ત્રોમાં આ સિદ્ધાંત જોવા મળે છે.

ખોજાઓના દસ્તાવેજો પ્રમાણે તેઓએ ભોળા અનુયાયીઓને આવી ભ્રામક વાતો કરીને ધીરે ધીરે સૌમ્ય રીતે ઇસ્લામમાં ધર્મ પરિવર્તિત કરેલ છે.

માટે સતપંથ ધર્મ પણ આવું કરતુ હોય એવો ચોખ્ખે ચોખ્ખું પુરવાર થાય છે.

realpatidar.com

realpatidar.com

अभिस्वोर्णोर्मिः पृथिव्या मातुर्वस्त्रेण भद्रया ।
जीवेषु भद्रं तत्मयि स्वधा पितृषु सा त्वयि ॥

अ. १८/२/५२ ॥

है प्रेत (मृतदेह) । (त्वा) तुझे (मातुःपृथिव्याः) माता पृथिवी के (भद्रया वस्त्रेण) कल्याणकारी वस्त्र से (अभि उर्णोमिः) आच्छादित करता हूं, अर्थात् जमीन में तुझे गाडता हूं । (जीवेषु भद्रं तत् मयि) जीवितो में जो कल्याण है वह मेरे में हो, अर्थात् मुझे प्राप्त हो, और (पितृषु स्वधा) जो पितरों में स्वधा है (सा त्वयि) यह तेरे में हो अर्थात् मुझे प्राप्त हो। यहां पर स्पष्ट शब्दो में प्रेत (मृतदेह) को गाडने का निर्देश है ।

७

અથર્વવેદમાં શું છે?

અથર્વ વેદમાં મૃત શરીરને "દાગ" આપવા અંગે (એટલે કે અન્ત્યેષ્ટિકર્મ) કોઈ મંત્ર નથી.

અથર્વવેદમા...
૧) અભીચારિક (મેલા કામ માટે તાંત્રિક પ્રયોગો)
૨) શાંતિ-પુષ્ટિ
માટે મંત્રો છે.

મેલા કામમાંથી છૂટી ને શાંતિ-પુષ્ટિ થાય એવા મંત્રો બતાવીને શું સતપંથીઓ પોતાના મૃતક લોકોને "મેલા" એટલે કે "અભીચારી" છે તેવું બતાવ માંગે છે?

realpatidar.com

realpatidar.com

इदं इत वा उ नापरं दिवि पश्यसि सूर्यम् ।
माता पुत्रं यथा सिचाभ्यनं भूमे उर्णु हि ॥

अ. १८/२/५० ॥

हे मृत पुरुष (इदं इत् वा उ) यही है (न अपरं) दूसरा नही है । (दिवि सूर्यं पश्यसि) जो द्युतलोक में तू सूर्य देखता है । (यथा पुत्र माता सिचा) जिस प्रकार पुत्र को माता अपने आंचल से ढांपती है उस प्रकार है (भूमे) पृथिवी तू (एनं) इस मृत पुरुष को (अभि उर्णु हि) चारों ओर से ढांप । इस मंत्र के पूर्वार्ध की उत्तरार्ध से कैसे संगति है । यह अभी तक कुछ स्पष्ट नही हुआ । उत्तरार्ध का भाव स्पष्ट हैं ।

८

અથર્વવેદમાં શું છે?

અથર્વ વેદમાં મૃત શરીરને "દાગ" આપવા અંગે (એટલે કે અન્ત્યેષ્ટિકર્મ) કોઈ મંત્ર નથી.

અથર્વવેદમા...
૧) અભીચારિક (મેલા કામ માટે તાંત્રિક પ્રયોગો)
૨) શાંતિ-પુષ્ટિ
માટે મંત્રો છે.
અહીં જણાવેલ અથર્વવેદના મંત્રો એ છે કે જેનાથી...
અગર કોઈની જમીનમાં મેલી વિદ્યાના પ્રયોગ રૂપે કોઈ પ્રેત કે અન્ય વસ્તુ દાટેલા હોય, તો તેને આવા મંત્રોદ્વારા તેને મોક્ષ આપી એ જમીનને શુદ્ધ કરવાના પ્રયાસો છે.

મેલા કામમાંથી છૂટીને શાંતિ-પુષ્ટિ થાય એવા મંત્રો બતાવીને શું સતપંથીઓ પોતાના મૃતક લોકોને "મેલા" એટલે કે "અભીચારી" છે તેવું બતાવ માંગે છે?

realpatidar.com

realpatidar.com

असौ हा इह ते मनः ककुत्सलमिव । जामयः अभ्येनं भूम उर्णु हि ॥

अथर्व. १८/४/६६

(असौ) है फलाने नामवाले प्रेत । (इह ते मनः) यह तेरा मन है । हे (भूमे) पृथिवी । (जायमः ककुत्सलं मिव) जिस प्रकार स्त्रिया बच्चोको वस्त्रसे ढांपती है, स्त्रिया अपने सिर को ढांपती है उस प्रकार (एनं) इस प्रेत को (अभि उर्णु हि) भली प्रकार ढांप ।

इन उपरोक्त मंत्रो में प्रेत के जमीन में गाडने का उल्लेख है । इससे गाडने की प्रथा भी वैदिक ही है, यह पता चलता है ।

ये निखाताः ये पराप्ताः ये दग्धाः ये उद्धिताः। सर्वास्तानग्ने आवह पितून हविषे अत्तवे ॥

अथर्व. १८/२/३४

૯

પાછળનું પાનું જુવો

realpatidar.com

realpatidar.com

(अग्ने) हे अग्नि। (ये निखाताः) जो पितर जमीन में गाडे गए है और (ये पराप्ताः) जो पितर दूर बहा दिए गए है तथा (ये दग्धाः) जो जला दिए गए हैं (च) और (ये उद्धिताः) जो पितर जमीन के उपर हवा में रखे गए है। (तान् सर्वान्) उन सब पितरों को तू (हविषे अत्तवें) हवि भक्षणार्थ (आ वह) ले आ।

यहां पर चार प्रकार मे स्मशान कर्म दर्शाए गए है। (१) गाडना (२) बहाना (३) जलाना और (४) हवा में जमीन पर खुला छोडना।

(१) **गाडना**-कुछ प्रेत (मृतदेह) जमीन में गाडे जाते है, जिनका कि आत्येष्टि संस्कार अग्नि द्वारा नही किया जाता। ये कौन है इस पर हमने थोडासा विचार करना है। जो मनुष्य संन्यासी हो कर अपना देहत्याग करते है

१०

પાછળનું પાનું જુવો

realpatidar.com

realpatidar.com

उनके देह को न जलाने के लिए स्मृतियों में कहा गया है । मनुष्य जीवन के चार आश्रम है : (१) ब्रह्मचर्य आश्रम (२) गृहस्थाश्रम (३) वानप्रस्थाश्रम (४) संन्यास आश्रम । क्योंकि संन्यासश्रममें प्रवेश करते हुए पुरुष का सर्वमेघ याग करना पडता है । इस याग में वह अग्नि संबंधी सर्व कार्यों से मुक्त हो जाता है । अतः उसे मरने पर अग्नि द्वारा नही जलाया जाता । संन्यासी के शरीर को जलाना चाहिए या नहीं इस विषय में अभी तक हमे श्रुति का निश्चित ज्ञात नही है, पर स्मृति निषध करती है । अतः 'निखात' से संन्यासी का भी ग्रहण किया जा सकता है

११

પાછળનું પાનું જુવો

realpatidar.com

realpatidar.com

मरने पर पितरों में गणना

पृथिवीं त्वा पुथिव्यामावेसयामि देवः नः धाता प्रतिरात्यायुः । परापरैताः वसुविद् वो अस्त्वधाः मृताः पितृषु संभवन्तु ॥

अथर्व. १८/४/४८

(पृथिवीं त्वां पृथिव्यां आवेशयामि) मिट्टी से बने हुए हे मृत पुरुष। तुझको मिट्टी में मीला देता हूं, अर्थात् तुझे पृथिवी में गाडता हूं। (धाता देवः नः आयुः प्रतिराति) धारक देव हमारी आयु को बढावे। हे (परापरैताः) प्रकृष्टतया हम से दूर चले गए पितरो। (वः) तुम्हारे लिए धाता देव (वसुविद् अस्तु) वास करनेवाला हो, तुम्हारा

પાછળનું પાનું જુવો

realpatidar.com

realpatidar.com

आश्रयदाता हो । (अतः) और (मृताः) मृत (पितृषु संभवन्तु) पितरों में अच्छी तरह होवें अर्थात् पितरों में जा मिले ।

इस मंत्र को पूर्वार्ध में मृत देह को गाडने का निर्देश मिलता है । यह मानव देह पार्थिव तत्वों के आधिक्य से बना हुआ है, अतएव यहां पर मृत देहको पृथिवी (मिट्टी) के नाम से पुकारा गया है । इसी भाव को उपरोक्त दोहे में कहा गया है ।

ઉપરાંત ગરુડ પુરાણ પુસ્તક પાના નં. ૫૬, અધ્યાય-૧૧માં શ્લોક સૂત્ર ૧૦૫,૧૦૬ માં ભુમિદાગ વિષેની માહિતી છે.

हंस परमहंस व कुटी चक्रबहूदकौ । एतान्सं न्यासिनस्ताक्ष्यं । पृथिव्यां स्थापयेत्र तान् ॥

અર્થાત્ હંસ, પરમહંસ, કુટીચક્ર અને બહદક એવા ચતુર્થવિધિ સંન્યાસી મૃત્યુ પામે તો તેમને ભૂમિમાં દાટવા.

૧૩

પાછળનું પાનું જુવો

realpatidar.com

realpatidar.com

મૃત શરીરને નવરાવતી વખતે બોલવાનો મંત્ર

(મંત્ર-૧)

ૐ પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આદરું છું. ૐ નમોશ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આધ વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે...

સ્વામી પ્રથમ તમે હેત ધરીયું, હેતથી નીર ઉપાયા, નીરની બાંધ્યા જુગ ચાર, ચારે દિશાએ કર્યો પ્રકાશ, નીર ખર્યું પીંડથી સાર, તે નીરે પવિત્ર વિસ્તાર, નીરે કર્યું નૂર, નીરે સર્જ્યા ચંદા-સુર.

નૂર મોક્ષ મુક્તિની વાટ, પવિત્ર માંડયા ઘટને પાટ. નવાણું કરોડી ઝાંખા, છપ્પન કરોડી

૧૪

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

મેઘા, બત્રીસ કરોડી કિન્નર, તેત્રીસ કરોડી દેવતા, અઠ્યાસી સહસ્ત્ર ઋષિ, એક લાખ એંશી હજાર સંત મહાત્મા, પામ્યા મોક્ષ મુક્તિની વાટ. સદ્ગુરૂ શ્રી અમરતેજ, સદ્ગુરૂ શ્રી વશિષ્ઠ મહારાજ, સદ્ગુરૂ શ્રી વેદમ્ વ્યાસ, સદ્ગુરૂશ્રી ઈમામશાહ મહારાજ તમારા તપે કરીને તમે આ જીવના પીંડને પવિત્ર કરો, તેના દુઃખ કષ્ટો દૂર કરો, મોક્ષ મુકિતનો માર્ગ આપો, તમે પરમ પવિત્ર છો, પાવન કરવાનો તમારો ધર્મ છે. તમારા કર્મે તમારા ધર્મે તે.......... ...... જીવના દેહને પાવન કરો. તેત્રીસ કરોડીના મેળામાં રાખો. હે જાંબુદ્વિપના ધણી.

સદ્ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ

ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૧૫

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

મૃત શરીરને સમાધિ આપવાના સમયે બોલવાનો મંત્ર

(મંત્ર-૨)

ૐ પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આદરું છું. ૐ નમો સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આધ વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે...

સ્વામી તમે પ્રથમ રોપ્યા સત્ય, સત્યથી દત્ત, દત્તથી ક્ષમા, ક્ષમાથી હેત, હેતથી નીર, નીરથી ખીર, ખીરથી નીલ, નીલથી અનિલ, અનિલથી ફીણ, ફીણથી ખાખ, ખાખ તે સદાય પાક.

૧૬

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

સ્વામી નીરથી પવન, પવનથી અગ્નિ, અગ્નિથી રચી ખાખ, જુગ ચારના ચાર દાગ, ખાખ પાક, મોક્ષ મુક્તિની વાટ, સતપંથી જીવને આપી હાથ, ચાર જુગના દસ અવતાર, દસે અવતારે ચાર દાગ, શ્રી મત્સ્યની રક્ષા, શ્રી કૂર્મની રક્ષા, શ્રી વરાહની રક્ષા, શ્રી નરસિંહની રક્ષા, શ્રી વામનની રક્ષા, શ્રી પરશુરામની રક્ષા, શ્રી રામની રક્ષા, શ્રી કૃષ્ણની રક્ષા, શ્રી બુદ્ધની રક્ષા, શ્રી નિષ્કલંકી નારાયણની રક્ષા, શ્રી આદ્ય નારાયણની રક્ષા, શ્રી આદ્ય શકિત માતાની રક્ષા, શ્રી તેત્રીસ કરોડી દેવોની રક્ષા, શ્રી બ્રહ્મા-વિષ્ણુ-મહેશની રક્ષા, એક લાખ એંશી હજાર સંત મહાત્માની રક્ષા, આજ

૧૭

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

કલિયુગમાં ખાખ પાક, પવિત્ર ભોમદાગ પાક, સતપંથી જીવની સોહલી કરો મોક્ષ મુક્તિની વાટ. ચારે જુગનો ભુલેલો જીવ સતપંથ ધર્મના આશરે ભૂમીદાગે પવિત્ર થઈ. આપની રક્ષા માંહે આવેલો જીવ, તેને પાક પવિત્ર કરી તેત્રીસ કરોડીના મેળા આપી તમારા તેજમાં વાસ આપો તે....... જીવના ગુના બક્ષો, દુ:ખ દોહલાં દૂર કરો.

સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ
ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ને નમો નમ:

૧૮

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

મૃત શરીરને સમાધિષ્ઠ ભુમિદાગ આપી અગરબત્તી લોબાન-ફુલ-સુગંધિત દ્રવ્યો ચડાવીને બોલવાનો મંત્ર

(મંત્ર-૩)

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરું છું. ૐ નમો સદ્ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે...

સ્વામી તમે ઓમકાર માંહે આપો આપ, શકિત રૂપે જપાવ્યો જાપ, શકિત રૂપે રચ્યો સંસાર, હેઠળ શકિત ઉપર કળા, પાંચ પંચ દેવ તત્વ તે સભરે ભર્યાં. આસન શકિત નૂર તેજ, નૂરે ખળકયાં નિરંજન હેત, શ્રેષ્ઠ શકિત માટી સહી, શકિત માટી સહી, માટી

૧૯

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

વિના નવ ઉપન્યા કોઈ, માટી ઘાટને માટી પાટ, માટી મોક્ષ મુક્તિની વાટ, સ્વામી તમે ધૂપ લોબાન સ્વીકાર કરો. અત્તર અબીલ, ગુલાલ અને ફુલની વાસનાનો સ્વીકારો. આ....... નો અપરાધી જીવ તમારી શરણમાં છે. તેની રક્ષા કરજો. સ્વામી તમે આ સતપંથના સરદાર કલિયુગના વર દાતાર છો. તમે જીવને પહોંચાડો પાર, તમો છો અનંતના તારણહાર, સુખ સોહેલાં કરો, દુ:ખ દોહેલાં દૂર કરો.

સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ
ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ને નમો નમ:

૨૦

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

સ્મશાન ભુમિથી ચાલીસ પગલાં દૂર જઈ નમસ્કાર કરવાનો

(મંત્ર-૪)

ૐ પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.

ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે...

હે પરમ કૃપાળુ પરમાત્મા !!! આ ......સતપંથી જીવ તમારો છે. તમો તેના સ્વામી છો. તમારા શરણે આવેલો છે, તેનો

૨૧

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

ઉધ્ધાર કરો તે............... જીવને યમની યાતનામાંથી છોડાવો, નરકની યાતનામાંથી છોડાવો, વૈતરણીની યાતનામાંથી છોડાવો, અને તે .... જીવનો માર્ગ સોહેલો કરો. અમારી સકળ સંઘની વિનંતી સ્વીકારો.

સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ
ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ને નમો નમ:

૨૨

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

સ્મશાન ભુમિથી પાછા આવી નાહી ધોઈ પવિત્ર થવાનો મંત્ર

(મંત્ર-૫)

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરું છું. ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે...

હે સર્વે સર્વાધાર પરમાત્મા, અમારા જળ કુંડમાં ગંગા - યમુના - સરસ્વતી - ગોદાવરી-સિંધુ-સાબરમતીનો વાસ પુરી, અમારા આ સ્થુળ દેહને પવિત્ર કરો. અમારામાં આવેલાં

૨૩

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

મુસલમાન ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

મરણ સૂતક દૂર કરો, અમારી વિનંતીનો સ્વીકાર કરો. અમારાથી જાણતાં અજાણતાં થયેલા અપરાધ ક્ષમા કરો, અમારા શરીરને પવિત્ર જળની છાંટથી અમને પવિત્ર પાવન કરો.

સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ
ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ને નમો નમ:

૨૪

આ કહેવતો "મંત્ર" મૂળમાં સતપંથનો ઇસ્લામી "કલમો" છે.

સતપંથના મૂળ કાલમાને ગુજરાતી / હિંદુ શબ્દોમાં ભાષાંતર કરીને અહીં મુકેલ છે.

મુસલમાન ખોજાઓ પણ આવા જ "કાળમાં"ઓનો પ્રયોગ કરે છે.

realpatidar.com

realpatidar.com

સતપંથના સ્થાપકોએ, તેમના પ્રચારકોને એવો નિર્દેશ આપેલ છે કે જે ધર્મમાં લોકોનું ધર્મ પરિવર્તન કરાવવું હોય, તેવા લોકોના ધર્મ પ્રચારકોનો વેશ અપનાવીને, તેમનાજ ધર્મનો ઉપદેશ આપવો જોઈએ. પણ આમ કરતી વખતે એ ધર્મમાટે અમુક જગ્યાએ શંકાઓ ઉભી કરવી.

નાનાદાસ કાકાના હિંદુ સાધુ જેવો રૂપ જોઈને લાગે છે કે સતપંથના સ્થાપકોના નિર્દેશનું પાલન યથાર્થ રીતે થઇ રહ્યું છે.

realpatidar.com

realpatidar.com

આપણો ધર્મ

❖ જેનાથી જીવનમાં દુર્ગુણોનો વિનાશ થાય અને સદ્‌ગુણોનો વિકાસ થાય એનું નામ ધર્મ.

❖ જે બીજાના સુખે સુખી થવાની અને બીજાના દુ:ખે દુ:ખી થવાની સદ્‌ભાવના જગાડે એનું નામ ધર્મ. (જનસેવા એ જ પ્રભુસેવા)

❖ જેના દ્વારા જડ પ્રત્યે વિરક્તિ અને જીવો પ્રત્યે પ્રીતિ જન્મે એનું નામ ધર્મ.

❖ જે નશ્વર સાથેનો સંબંધ તોડી આપે અને ઈશ્વર સાથેનો સંબંધ જોડી આપે એનું નામ ધર્મ.

❖ ધર્મ એ તો જીવનમાં પળેપળ જીવવાની વસ્તુ છે. જીવનમાં પ્રત્યેક પળે આપણો કંઈક ધર્મ છે. કંઈક કર્તવ્ય છે. એવું સમજીને જાગૃતિપૂર્વક જીવવું એનું નામ ધર્મ.

૧

આ બધા ઉદેશો સામાન્ય છે. જે દરેક જાણ જાણે અથવા પાળે છે.

સતપંથના સ્થાપકો દ્વારા એવી રચના કરેલ છે કે જે ઉપદેશોનો ટકરાવ ઇસ્લામ સાથે ન થતો હોય, તેવા ઉપદેશોથી પહેલા તબક્કામાં ધર્મ પ્રચાર કાર્ય કરવું. જેથી કરીને ધર્મ પ્રચાર કાર્યમાં સરળતા રહે અને લોકો શંકા ન કરે અને તેમની તરફ આકર્ષાય. (બીજા તબક્કામાં આવા લોકોનો વિશ્વાસ જીતીને તેમનું ધર્મ પરિવર્તન કરવામાં આવે.)

અહીં પણ એજ એટલે કે પહેલા તબક્કાના નિર્દેશનું પાલન થઇ રહ્યું છે તેવું દેખાય છે.

સાર:

સતપંથના સ્થાપકોએ જે રણનીતિ અપનાવેલ હતી અને સતપંથના પ્રચારકોને જે નિર્દેશો આપેલ છે, તે મુજબ બહારથી હિંદુ દેખાવ અપનાવી અંદર ખાને મુસ્લિમ ધર્મનો પ્રચાર કરવો એવો સિદ્ધાંત પર આજે પણ સતપંથના પ્રચારકો ચાલે છે.

માટે સતપંથ ધર્મને એક હિંદુ ધર્મનો ભાગ સમજીને પાળવાવાળા સતપંથી ભાઈઓન આવા ભ્રામક પ્રચારથી ચેતવા વિનંતી છે.

realpatidar.com

અથર્વ વેદમાં શું હોય છે, તેનું સક્ષિપ્તમાં "ભૂમિકા" રૂપે વેદ પુસકમાં જણાવેલ છે, તે આ પ્રમાણે છે.

ભૂમિકા

મહત્વ અને ઉપયોગિતા

વેદના પ્રત્યેક વિભાગની જેમજ અથર્વવેદની પોતાની કેટલીક એવી વિશેષતાઓ છે, જેના આધારે અનેક વેદજ્ઞો એને અતુલનીય માને છે. વેદની બીજી શાખાઓમાં, પોત-પોતાની વિશિષ્ટ દિશાઓ છે, પરંતુ અથર્વવેદ તો જાણે પોતાના ખોળામાં જીવનની સમગ્રતાને ભરીને બેઠેલ છે. સૃષ્ટિનાં ગૂઢ રહસ્યો, દિવ્ય પ્રાર્થનાઓ, યજ્ઞીય-પ્રયોગો, રોગોનો ઉપચાર, વિવાહ, પ્રજનન, કુટુંબ, સમાજ-વ્યવસ્થા અને આત્મરક્ષા જેવા જીવનના દરેક પક્ષોનો, એમાં સમાવેશ છે. વેદની અન્ય ધારાઓમાં ગૂઢ જ્ઞાનની સાથે શુદ્ધ વિજ્ઞાન (પ્યોર સાયંસ) છે, પરંતુ અથર્વવેદમાં જ્ઞાન-વિજ્ઞાનની ગૂઢ ધારાઓની સાથે વ્યવહારિક વિજ્ઞાન (એપ્લાઇડ સાયંસ) પણ છે.

જીવનને સુખી અને દુઃખરહિત બનાવવાના હેતુથી, ઋષિઓએ જે યજ્ઞીય અનુષ્ઠાનોનું વિધાન બનાવેલું છે, એની પૂર્ણ સિદ્ધિ માટે જે ચાર ઋત્વિજોની આવશ્યકતા જણાવેલી છે, એમાંથી સર્વશ્રેષ્ઠ (પ્રમુખ-મુખ્ય) ઋત્વિજ્ બ્રહ્માનો પ્રત્યક્ષ સંબંધ, આ વેદ સાથે છે. **'બ્રહ્મા'**નું સ્થાન યજ્ઞ-સંસદના ઋત્વિજોમાં મુખ્ય (અધ્યક્ષ) છે. **'બ્રહ્મા'** ની જવાબદારી, અનેક પ્રકારનું યજ્ઞીય નિરીક્ષણ તથા ભૂલોનું પરિમાર્જન કરવાની છે. એ માટે એમને બધા વેદના જાણકાર હોવું અનિવાર્ય છે. તેમજ તેમણે મનોબળ સંપન્ન પણ થવું જોઈએ.

ગોપથ બ્રાહ્મણમાં કહ્યું છેકે, ત્રણેય વેદો દ્વારા, યજ્ઞના માત્ર એક પક્ષનો સંસ્કાર થાય છે. **'બ્રહ્મા'** મન દ્વારા યજ્ઞના બીજા પક્ષનો સંસ્કાર કરે છે.[1]

ઐતરેય બ્રાહ્મણ મુજબ યજ્ઞ સંપાદનના બે માર્ગ છે— વાક્ તથા મન. વાક્ (વચન) દ્વારા વેદત્રયી (ઋક્, યજુ, સામ) યજ્ઞના એક પક્ષને સંસ્કારિત કરે છે, બીજા પક્ષનો સંસ્કાર **'બ્રહ્મા'** બ્રહ્મવેદ (અથર્વવેદ) દ્વારા 'મન' થી કરે છે.[2] આ તથ્ય—પ્રમાણ ને કારણે જણાઈ આવે છે કે, યજ્ઞના પૂર્ણ સંસ્કાર માટે અથર્વવેદની ઘણીજ આવશ્યકતા છે.

અથર્વવેદમાં વસ્તુતઃ શાંતિ-પુષ્ટિ તથા અભિચારિક (મેલાં કામ માટેના તાંત્રિક પ્રયોગો) એમ બંનેય પ્રકારના અનુષ્ઠાન પ્રયોગ વર્ણવેલા છે. રાજા માટે એનું વિશેષ મહત્વ સ્વીકારવામાં આવેલું છે. રાજા માટે શાંતિક—પૌષ્ટિક કર્મ તથા તુલાપુરુષાદિ મહાદાનની, વિશેષ આવશ્યકતા રહે છે, જે અથર્વવેદનું મુખ્ય પ્રતિપાદ્ય છે. મત્સ્ય પુરાણમાં કહ્યું છે કે, પુરોહિતે અથર્વમંત્ર તથા બ્રાહ્મણમાં પારંગત હોવું જોઈએ.[3] અથર્વ-પરિશિષ્ટમાં તો ત્યાં સુધી લખ્યું છે કે, અથર્વવેદનો જ્ઞાતા-શાંતિકર્મનો પુરોહિત, જે રાષ્ટ્રમાં રહે છે, એ રાષ્ટ્ર ઉપદ્રવરહિત થઈને વૃદ્ધિને—ઉન્નતિને પ્રાપ્ત કરે છે. એટલા માટે રાજાએ ઈચ્છવું જોઈએ કે એ અથર્વવેદના જાણકાર તથા જિતેન્દ્રિય પુરોહિતનું, દાન-સન્માન, સત્કારપૂર્વક પૂજન-અર્ચન દરરોજ કરે.[4]

---

१. स वा एष त्रिभिर्वेदैर्यज्ञस्यान्यतरः पक्षः संस्क्रियते । मनसैव ब्रह्मा यज्ञस्यान्यतरं पक्षं संस्करोति (गो० ro १.३.२)।

२. अयं वै यज्ञो योऽयं पवते, तस्य वाक् च मनश्च वर्तन्यौ वाचा च हि मनसा च यज्ञो वर्तत, इयं वै वागदो मनस्तद्वाचा त्रय्या विद्ययैकं पक्षं संस्कुर्वन्ति, मनसैव ब्रह्मा संस्करोति ।(ऐत० ब्रा० ५.३३)

३. पुरोहितं तथा अथर्वमन्त्रब्राह्मणं पारगम्। (म० पु०)

४. यस्य राज्ञो जनपदे अथर्वाशान्तिपारगः ।
निवसत्यपि तद् राष्ट्रं वर्धते निरुपद्रवम् ॥
तस्माद् राजा विशेषेण अथर्वाणं जितेन्द्रियम् ।
दान-सम्मान-सत्कारैर्नित्यं समभिपूजयेत् ॥ (अथर्व सा० भा० भू० परि० ४६)

realpatidar.com

realpatidar.com

॥ ओ३म् ॥

॥ अथैकोनचत्वारिंशोऽध्याय आरभ्यते ॥

ओ३म् विश्वानि देव सवितर्दुरितानि परा सुव। यद् भद्रं तन्न आसुव॥

स्वाहा प्राणेभ्यः साधिपतिकेभ्यः। पृथिव्यै स्वाहाऽग्नये स्वाहाऽन्तरिक्षाय स्वाहा। वायवे स्वाहा दिवे स्वाहा सूर्याय स्वाहा॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે साधिपतिकेभ्यः-ઈન્દ્રિય આદિના અધિપતિ = જીવની સાથે રહેલા प्राणेभ्यः-જીવનની સમાન પ્રાણોને માટે स्वाहा-સત્યક્રિયા; पृथिव्यै-ભૂમિને માટે स्वाहा-સત્યવાણી; अग्नये-અગ્નિને માટે स्वाहा-સત્યવાણી; अन्तरिक्षाय-આકાશમાં ગમન કરવા માટે स्वाहा-સત્યક્રિયા; वायवे-શુદ્ધ વાયુની પ્રાપ્તિને માટે स्वाहा-સત્યક્રિયા; दिवे-વિદ્યુતની પ્રાપ્તિને માટે स्वाहा-સત્યક્રિયા सूर्याय-સૂર્યમંડળની પ્રાપ્તિને માટે स्वाहा-સ્વાહા નામક સત્યક્રિયાને યથાવત્ સંયુક્ત કરો-સંપ્રયોગ કરો. (૧)

ભાવાર્થ : આ અધ્યાયમાં અન્ત્યેષ્ટિકર્મનો ઉપદેશ છે. જેને નરમેધ, પુરુષમેધ અને દાહકર્મ પણ કહે છે. જ્યારે કોઈ મરી જાય, ત્યારે મરનારના શરીરના વજન જેટલું ઘી લઈને, તેમાં પ્રતિશેરના હિસાબે એક રતી કસ્તૂરી, એક માસા કેસર અને ચંદન આદિ કાષ્ઠ-લાકડાં આવશ્યકતાનુસાર લેવા જોઈએ.

વેદી : - પુરુષ ઉભો રહી માથા તરફ હાથ ઉંચા કરે તેટલી લાંબી, સાડા ત્રણ હાથ પરિમાણ ઉપરથી પહોળી અને તેટલી ઊંડી, નીચે તળિયામાં એક વેંત જેટલી વેદી બનાવવી.

વેદીમાં નીચેથી લઈને અર્ધી ઊંચાઈ સુધી સમિધાઓ-કાષ્ઠ ભરીને, તેના પર મૃતદેહને રાખીને પછી બન્ને પાર્શ્વ ભાગમાં અને ઉપર સારી રીતે સમિધાઓને ગોઠવીને, છાતી આદિ પર કપૂર રાખીને, કપૂરથી પ્રદીપ્ત કરેલા અગ્નિને ચિતામાં દાખલ કરીને, જ્યારે અગ્નિ પ્રજ્વલિત થઈ જાય, ત્યારે આ અધ્યાયના સ્વાહાન્ત મંત્રોથી પુનઃ પુનઃ આવૃત્તિ દ્વારા ઘી હોમીને શબનો સારી રીતે દાહ કરવો.

આ રીતે કરવાથી દાહ કરનારને યજ્ઞના ફલની પ્રાપ્તિ થાય છે. શબને કદી પણ ભૂમિમાં દાટવું નહિ, જંગલમાં છોડવું નહિ. તેમજ પાણીમાં ડુબાડવું નહિ. શબનો દાહ કર્યા વિના તેના સંબંધીઓ મહાપાપને પ્રાપ્ત થાય છે; કારણકે મૃત દેહના વિકૃત શરીરથી અધિક દુર્ગંધ ફેલાવાથી ચેતન અને જડ પદાર્થોમાં [પ્રાણીઓ અને અપ્રાણીઓમાં] અસંખ્ય રોગો ઉત્પન્ન થાય છે. તેથી પૂર્વોક્ત વિધિથી શબનો દાહ કરવામાં ભદ્ર = કલ્યાણ છે; અન્યથા નહિ. (૧)

दिग्भ्यः स्वाहा चन्द्राय स्वाहा नक्षत्रेभ्यः स्वाहाऽद्भ्यः स्वाहा वरुणाय स्वाहा। नाभ्यै स्वाहा पूताय स्वाहा॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે શરીરનાં દાહ-કર્મમાં दिग्भ्यः-દિશાઓમાં હોમ કરેલ હુત દ્રવ્યોના ગમન અર્થાત્ પહોંચાડવા માટે स्वाहा-સત્યક્રિયા, चन्द्राय-ચંદ્રલોકની પ્રાપ્તિને માટે स्वाहा-સત્યક્રિયા, नक्षत्रेभ्यः-નક્ષત્રોના પ્રકાશની પ્રાપ્તિને માટે स्वाहा-સત્યક્રિયા, अद्भ्यः-જલોમાં ગમન કરવા માટે स्वाहा-સત્યક્રિયા,

realpatidar.com

Update: 24-Apr-2020 -This information contained in this post/page is superseded. The updated information can be read here http://www.realpatidar.com/a/series82.

Date: 22-Mar-2016

જેમ ઇસ્લામમાં માણસના મૃત્ય પછી મડદાને દાટવામાં આવે છે, તેમ સતપંથમાં પણ માણસના મૃત્ય પછી તેના મડદાને દાટવામાં આવે છે.

ઈતિહાસના નજરેથી જોઈએ તો એનું કારણ માત્ર એટલુજ હતું કે સતપંથના ધર્મ પ્રચારકો દ્વારા તેમના અનુયાયીઓનો ઇસ્લામી રીત રીવાજોનો પ્રચાર કરી તેમને ઇસ્લામ ધર્મ પાળતા કરી દેવા.

પણ જયારે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં લગભગ ૧૦૦ વર્ષ પહેલા, નારાયણજી રામજી લીંબાણી, રતનશી ખીમજી ખેતાણી અને સંત ઓધવરામ મહારાજના પ્રયાસોના કારણે, ધાર્મિક જાગૃતિ આવી અને લોકોને ખબર પડી કે જે સતપંથ ધર્મને કલિયુગનો સાચો હિંદુ ધર્મ તરીકે તેઓ પાળતા હતા, તે સતપંથ ધર્મ તો વાસ્તવમાં ઇસ્લામનું એક ફાંટું છે.

સતપંથીઓ હમેશા હિંદુઓની વચ્ચે હિંદુ ઓળખ અપનાવીને રહેતા આવ્યા છે. પણ જયારે સતપંથ મુસ્લિમ ધર્મ છે તેવી જાણ સર્વેને થઇ, ત્યારે મોટા ભાગના સતપંથીઓને સતપંથના રીત રીવાજો પાળવામાં શરમ તેમજ જીજક અનુભવવા લાગ્યા. આવા અનુભવોના કારણે લોકો સતપંથ ધર્મના મૂળ રીત રીવાજો છોડવા લાગ્યા. તેમાની એક મુખ્ય રીત હતી, મડદાને દાટવાની પ્રથા. ધીરે ધીરે મોટી સંખ્યામાં લોકો સતપંથની આ પ્રથાને છોડીને મડદાને અગ્નિદાહ આપવની પ્રથા અપનાવવા લાગ્યા.

ઇસ્લામ સાથે જોડાણ ટકાવી રાખનાર ભૂમિદાગ / ભૂમિદાહ પ્રથાને સતપંથ અનુયાયીઓ દ્વારા તિલાંજલિ આપવાના કારણે સતપંથના પ્રચારકો ચિંતિત થયા. કારણકે જો આવું ચાલતું રહેશે તો એક દિવસ સતપંથમાં કોઈ રહી રહે અને સતપંથ ધર્મ બંદ થઇ જશે.

આ પરિસ્થિતિનો રસ્તો કાઢવા માટે જરૂરી હતું કે એવો રસ્તો અપનાવવો કે લોકોને ભૂમિદાગ આપવામાં શરમાની લાગણી ન થાય અને અન્ય હિંદુ સમાજના લોકો સતપંથી

realpatidar.com

realpatidar.com

પર શંકા ન કરે. આના માટે સતપંથના પ્રચારકોએ ઇસ્લામની પ્રખ્યાત "તાકિયા" રણનીતિનો ફરીથી ઉપયોગ કર્યો.

તેઓએ એવો ઉપાય બતાવ્યો કે જેનાથી મૂળ ઇસ્લામી ભુમીદાગ પ્રથાને બાહ્ય હિંદુ રૂપ આપી દેવામાં આવ્યું.

તેઓએ આશરો લીધો હિંદુ "અથર્વ વેદ"નો.

સતપંથના પ્રચારકોએ આના માટે ખુબ જ યુક્તિ પૂર્વક પ્રયાસો કર્યા. તેઓએ અથર્વવેદની ચાર ઋચાઓનું જુઠું અર્થઘટન કર્યું. તે ઋચાઓ નીચે પ્રમાણે છે. (સંપૂર્ણ વિગત આ સાથે જોડેલ ફાઈલ-વિશ્લેષણ માં છે.)

1. ૧૮/૨/૫૨
2. ૧૮/૨/૫૦
3. ૧૮/૪/૬૬
4. ૧૮/૪/૪૮

તો આ યુક્તિ શું હતી, તે ઊંડાણથી જોઈએ.

હિંદુ અથર્વ વેદમાં વસ્તુતઃ એટલે કે મુખ્ય રીતે "શાંતિ-પુષ્ટિ તથા અભિચારિક (એટલે કે મેલાં કામ માટે તાંત્રિક પ્રયોગો) " એમ બે પ્રકારના અનુષ્ઠાનના પ્રયોગ વર્ણવેલ છે. (આ સાથે જોડેલ ફાઈલમાં ભૂમિદાગ માર્ગશીંકા પુસ્તિકાના અંતમાં અથર્વ વેદ પરની આ માહિતી જોઈ શકો છો.)

ઉપર જણાવેલ ચાર ઋચાઓ એવી છે કે કોઈની મિલકતમાં કે જગ્યામાં કાંઇક મેલી વસ્તુ દાટેલી હોય તો તેવી મેલી વસ્તુને મુક્ત કરીને એ મિલકત કે જગ્યા પવિત્ર કરવા માટે મંત્રો છે. ઉપર જણાવેલ મંત્રોનું ગુજરાતી ભાષાંતર જોશો તો તમને સમજાશે કે મેલી વિદ્યાના પ્રયોગથી ભ્રષ્ટ થયેલ કોઈ જગ્યાને પવિત્ર કરવા માટે આ મંત્રોનો ઉપયોગ થાય છે.

હવે સતપંથના પ્રચારકોએ સતપંથના અનુયાયીઓને આવું બતાવ્યું કે અથર્વ વેદની ઋચાઓ મડદાને દાટવા માટે છે અને તેમની આત્માને મુક્ત કરવા માટે આ મંત્રો છે. સામાન્ય રીતે વેદના જાણકાર લોકો બહુજ જુજ હોય છે. માટે લોકો આ વાતને સાચી સમજીને ભુમીદાગની પ્રથાને

realpatidar.com

સ્વીકાર્ય કરી લીધી. થોડા જિજ્ઞાસુ લોકો માત્ર ઉપર જણાવેલ ઋચાઓનું ગુજરાતી ભાષાંતર જોઈને સંતોષ માણી લે. ઊંડાણમાં કોઈ અભ્યાસ કરે નહિ. એટલે આ જુઠી ભૂમિદાગ વાળી વાત સ્વીકાર્ય થવા સહેલું બની ગયું.

realpatidar.com

પોતાની વાતની પુષ્ટિ માટે સાધુ અને સન્યાસીઓને અપાતી સમાધિને ભૂમિદાગ સાથે સરખાવીને ભુમીદાગને સ્વીકાર્ય બતાવ્યો. (પણ વાસ્તવમાં જોડેલ ફાઈલ-વિશ્લેષણમાં જોશો કે સાધુ-સન્યાસી વગેરેને તેમની હયાતીમાં તેમના પુતળાને અગ્નિસંસ્કાર આપવામાં આવે છે ત્યાર બાદ તેમને કાયમ માટે ઘર સંસાર છોડે દેવું પડે છે અને ત્યાર બાદ તેમની મૃત્યુ વખતે સમાધિ શા માટે આપવામાં આવે છે.)

આવી રીતે સતપંથનું ઇસ્લામ સાથે જોડાણ ટકાવી રાખતી પ્રથા એટલે કે ભુમીદાગ ફરીથી ચાલવા લાગી.

વાસ્તવમાં હિંદુ વેદો પ્રમાણે કોઈ માણસના મૃત્ય પછી તેના મડદાનો કેવી રીતે નિકાલ કરવો, તે જોઈએ.

હિંદુ વેદો પ્રમાણે મડદાના નિકાલને **"અંત્યેષ્ટિ"** કર્મ કરેવાય. આ અંત્યેષ્ટિ કર્મનો ઉલ્લેખ હિંદુ અથર્વ વેદમાં ક્યાય પણ નથી. આનો ઉલ્લેખ માત્ર યજુર્વેદમાં છે. યજુર્વેદના ૩૯માં અધ્યાયમાં અંત્યેષ્ટિ કર્મના બારામાં જાણકારી આપેલ છે. તેમાં ચોખ્ખે ચોખ્ખું જણાવેલ છે કે મડદાને ક્યારે પણ ભૂમિમાં દાટવું નહિ. એનો મતલબ ક્યારે પણ ભુમીદાગ આપવો નહિ. માટે સામાન્ય લોકો માટે મડદાને અગ્નિ સંસ્કાર આપવાનું કહેલ છે.

અંતમાં: ઉપર જણાવેલ સર્વે હકીકતોને ધ્યાનમાં લેશો તો સમજાશે કે સતપંથના પ્રચારકોએ ખુબજ યુક્તિ પૂર્વક રસ્તો કાઢીને સતપંથના અનુયાયીઓનું ઇસ્લામ સાથેનું જોડાણ ટકાવી રાખેલ છે. વાસ્તવમાં ભુમીદાગ માર્ગદર્શિકા નહિ પણ કુમાર્ગદર્શિકા છે, તેવું જણાઈ આવે છે.

લી.

Real Patidar / રીયલ પાટીદાર

realpatidar.com